Azadi Ka Amrit Mahotsav

INCOME TAX DEPARTMENT

# આવકવેરા વિભાગ

પ્રસ્તુત કરે છે

# મોટું પતલું અને ટેક્સ પરી



હું ટેક્સ પરી છું, હું જાદું બતાવી શકું છું.
તમારે કેટલો આવકવેરો ચુકવવાનો છે, હું તમને તર્ક સાથે જણાવીશ.
દેશની પ્રગતિની વાત આવે ત્યારે હું હંમેશાં સમયથી આગળ રહું છું,
“કોષ મૂલો દંડ” મંત્ર દેશની સફળતા માટેનું સૂત્ર છે.




મોટું પતલું અને ટેક્સ પરી
આવકવેરા નિદેશાલય (જ.સં.પ્ર.અને.પ્ર.), મયૂર ભવન, દિલ્હીની પરિકલ્પના
આહા... ગરમાગરમ સમોસા... યમ... યમ... પતલું શું વિચારે છે?
વિચાર તો સારો છે, પરંતુ મારા ખિસ્સામાં પૂરતા પૈસા નથી.. અને જે કંઈ બચ્યું છે તેમાંથી મારે મારો આવકવેરો ચુકવવાનો છે.
આપણે તે કરી દઈશું... પરંતુ તુ જાણે છે ને કે ખાલી પેટ મારું દિમાગ કામ કરતું નથી.
ચોમ્પ
ચોમ્પ
ચોમ્પ




બ્રરરર
વાહ, સ્વાદિષ્ટ સમોસા!
આ લો તમારું બિલ, માત્ર 100 રૂપિયા.
100 રૂપિયા?? કેવી રીતે??
હું આવકવેરાની ચોરી કરતો નથી અને હું મારા સમોસાની ગુણવત્તા સાથે સમાધાન કરતો નથી.
કર, કર, કર.. ઉફ.. આપણે બધી ચીજ પર આવકવેરો કેમ ચુકવવાનો હોય છે? બુહૂહૂ
અરે ભાઇ.. અત્યારે આપણું ખિસ્સુ ખાલી છે.. હવે ચાલો ઘરે જઇએ.. બુહૂહૂ


પતલું, એક બાજુ આવક વેરો અને બીજી બાજુ ભરપેટ સમોસા, હવે મને ઉંઘ આવી રહી છે.
તો પછી સૂઈ જા.. આવતી કાલથી કામ પર જજે, નહીં તો પગાર પર રજાનો કર કપાઇ જશે..
Zzzzzzzz
છમ છમ છમ
છમ છમ છમ
છમ છમ છમ
ટેક્સ પરીના જાદુમાં છે દમ


અરે! અમને ક્યાં લઈ જાય છે પરી?
હું ટેક્સની પરી છું... મારું નામ છે ટેક્સ પરી
લો! હવે આવકવેરા વિભાગે પરીની ભરતી કરવાની શરૂઆત કરી છે.
વિચારો, જો આપણે આવકવેરો ભરવાનો ન હોય તો, આપણું જીવન કેટલું ખુશાલ હશે
તુ તો પરી છે... તુ જાદુ જાણે છે, તો પછી તે અમારા પર કર કેમ લગાવ્યો છે?
છમ છમ છમ !!! તારા વિચારોમાં દમ નથી !!



જાણવું છે તારે કે જો હું આવક વેરો દૂર કરી દઉં તો તમારું જીવન કેવું બની જશે?
બિલકુલ, અમે પણ જોઇએ કે જો સરકાર આવક વેરો ન લે તો અમે કેટલા ખુશ હોઇશું.
સારું તો પછી, કશુંક અસાધારણ જોવા માટે તૈયાર રહો.
SCHOOL
માર્ગો અને પુલ ગાયબ
શાળા ગાયબ
બધુ જ ગાયબ
હોસ્પિટલો ગાયબ
દવાખાના


કોરોના વેક્સિન ગાયબ
અરે.. આ સ્થળ તો ઉજ્જડ અને વેરાન થઇ ગયું. પેલા સરસ બનાવેલા માર્ગ ક્યાં જતા રહ્યા?
અને રાશનની દુકાનો ક્યાં ગઇ અને પેલા સુંદર ફ્લાયઓવર્સ ક્યાં ગયા?
BUHUHU
બુહૂહૂ.. અમારી શાળા ક્યાં ગઇ? હવે અમે કેવી રીતે ભણીશું?
અમે સરકારી હોસ્પિટલોમાં અમારી દવા અને સારવાર મેળવતા હતા.. હવે, અમે ક્યાં જઇશું? બુહૂહૂ..



ટેક્સ પરી, અહીં ખરેખર કંઈક ખોટું થયું છે.. લોકો કોરોના, પ્લેગ, પોલિયોથી પરેશાન થઇ જશે.
જો આવી તમામ જાહેર કલ્યાણ યોજનાઓ બંધ થઈ જશે તો સામાન્ય નાગરિકનું જીવવું મુશ્કેલ બની જશે.
માત્ર આટલું જ નહીં મોટું પતલું, દેશની રક્ષા પ્રણાલી અને અંતરિક્ષ સંશોધન પણ પડી ભાગશે. શું તમે ઇન્ટરનેટ વિના રહી શકશો?
જરાય નહીં... હું ફેસબુક અને વોટ્સએપ વિના રહેવાનું વિચારી પણ ન શકું.
જો આપણી રક્ષા પ્રણાલી ભાંગી પડે અથવા નબળી પડે તો આપણા દુશ્મનો આપણા દેશ પર હુમલો કરશે.


હવે તમને મારી વાત સમજાઇ. સરકાર આપણા માટે આવી જાહેર કલ્યાણ યોજનાઓ અને કાર્યક્રમો એકત્રિત કરેલા વેરાથી ચલાવે છે.
સાચું કહ્યું. જો લોકો આવકવેરો ચુકવવાનું બંધ કરી દે તો આપણે વૃધ્દ્ધિની દૃષ્ટિએ ઘણા ઘણા વર્ષો પાછળ જતા રહીશું.
એટલે કે આવા તમામ વિકાસ ખતમ.. ના.. પરી ના.. તારું જાદુ પાછું લઈ લે અને બધુ પહેલા જેવું કરી દે.
ફરી વિચારી લો... જો તમે ભારતમાં વિકાસ અને પ્રગતિ જોવા માગતા હોય તો આવકવેરો પ્રમાણિકતા સાથે ભરવો આવશ્યક છે.


ચોક્કસ, અમે અમારો આવકવેરો ચુકવી દઈશું.. માત્ર આટલું જ નહીં, અમે અમારા ચાહકોને ટેક્સ પરીએ જે કંઇ કહ્યું છે તેને અનુસરવાનું પણ કહીશું.
બસ અમે ઇચ્છીએ છીએ કે તમે તમારું જાદું પાછું લઇ લો અને બધુ પહેલા જેવું કરી દો, પ્લીઝ...
હમમમ


છમ છમ છમ.. મારા જાદુમાં દમ છે.
HOSPITAL
હવે આપણને નિઃશુલ્ક દવાઓ મળશે.
SCHOOL
અરે વાહ! મારી શાળા
બુહુહુ.. હવે હું આ દેશમાં કેવી રીતે જીવીશ?


છમ છમ છમ... ઈન્કમ ટેક્સ પરી તેના ઘરે ચાલી
અરે ભગવાન! મને કેવું અજીબ સપનું આવ્યું. પણ મારા સપનાએ એક વાત સ્પષ્ટ કરી કે જો આપણે બધા પ્રામાણિક રહીએ અને સમયસર આપણા વેરા ચુકવીએ તો આપણા દેશનો ઝડપી ગતિએ વિકાસ અને પ્રગતિ થશે.
તો હવેથી... આપણે આવકવેરો ચુકવવામાં પ્રામાણિક રહીશું અને સ્વાદિષ્ટ સમોસાની પણ મજા માણતા રહીશું.
સમાપ્ત

# માર્ગ શોધો





# ચિત્રમાં રંગ પૂરો







# અન્ય આવૃત્તિ

**આ કોમિકમાં, આપણે શીખીશું કે દેશની વૃદ્ધિ અને પ્રગતિ માટે આવકવેરો ફાળો આપે છે.**



75

Azadi Ka Amrit Mahotsav

